Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# :: કાર્યવાહી ::

અનુસ્નાતક શિક્ષણ મંડળ **(Board of University Teaching)** ની સભા મંગળવાર તા.૧૩–૦૩–૨૦૧૮ ના રોજ બપોરે ૩ : ૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિ રૂમ નંબર : ૨૦૫ માં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબની હતી.

| ક્રમ | સભ્યશ્રીઓના નામ | હાજર / ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડો. શિવેન્દ્ર ગુપ્તા (મા.કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડો. ભાસ્કરભાઈ રાવલ (મા.ઉપકુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડો. હેમાલીબેન એ. દેસાઈ | હાજર |
| ૪. | ડો. જે.એમ. નાયક | હાજર |
| ૫. | ડો. કિશોર આર. નાયક | હાજર |
| ૬. | ડો. અપૂર્વ એ. દેસાઈ | હાજર |
| ૭. | ડો. કે.એન. ભટ્ટ | હાજર |
| ૮. | ડો. ઘનશ્યામભાઈ ડી. રાવલ | ગેરહાજર |
| ૯. | પ્રા. પર્સી એન્જિનીયર | ગેરહાજર |
| ૧૦. | ડો. રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૧૧. | ડો. એસ.એસ. રાવ | હાજર |
| ૧૨. | ડો. પ્રિતી કે. ગર્ગ | ગેરહાજર |
| ૧૩. | ડો. કે.સી. પોરિયા | ગેરહાજર |
| ૧૪. | ડો. એન. બી. પટેલ | હાજર |
| ૧૫. | ડો. એમ. એન. ગાયકવાડ | હાજર |
| ૧૬. | ડો. એસ.કે. ટાંક | હાજર |
| ૧૭. | ડો. રાજેન્દ્ર બી. પટેલ | ગેરહાજર |

| ક્રમ | સભ્યશ્રીઓના નામ | હાજર / ગેરહાજર |
|---|---|---|
| ૧૮. | ડો. આર.ડી. પટેલ | હાજર |
| ૧૯. | ડો. વિપુલ જે. સોમાણી | હાજર |
| ૨૦. | ડો. કપિલાબેન મનોજ | હાજર |
| ૨૧. | ડો. કિરણ એમ. પંડયા | ગેરહાજર |
| ૨૨. | ડો. રેણુકા ગર્ગ | હાજર |
| ૨૩. | ડો. શરીફાબેન વીજળીવાળા | હાજર |
| ૨૪. | ડો. કલ્પના ટી. રાવ | હાજર |
| ૨૫. | શ્રી સંજયભાઈ આઈ. દેસાઈ | ગેરહાજર |
| ૨૬. | ડો. કે.એન. ચાવડા | હાજર |
| ૨૭. | ડો. હર્ષાવતી સી. પટેલ | હાજર |
| ૨૮. | ડો. વિક્રમ બી. દેસાઈ | હાજર |
| ૨૯. | ડો. અશોક એમ. દેસાઈ | ગેરહાજર |
| ૩૦. | ડો. હસીત મહેતા | ગેરહાજર |
| ૩૧. | ડો. સુહાસબેન ડાભી | હાજર |
| ૩૨. | ડો. ભારતીબેન પંચોલી | ગેરહાજર |
| ૩૩. | ડો. અલકેશ શાહ | હાજર |
| ૩૪. | ડો. જયદીપ ચૌધરી | હાજર |
| ૩૫. | ડો. મહેન્દ્રસિંહ ચૌહાણ | હાજર |
| ૩૬. | ડો. દિપકભાઈ ભોયે | હાજર |
| ૩૭. | ડો. જયેન્દ્રસિંહ પી. ગોહિલ | હાજર |
| ૩૮. | ડો. રૂસ્તમ મોરેના | હાજર |
| ૩૯. | ડો. સંજય જી. મણિયાર | હાજર |
| ૪૦. | ડો. અજય એન. પટેલ | હાજર |
| ૪૧. | ડો. ભાવીન આર. નાયક | હાજર |

**(૧)** **અનુસ્નાતક શિક્ષણ મંડળ (Board of University Teaching) ની તા.૧૮–૪–૨૦૧૭ ની કાર્યવાહીને બહાલી આપવા અંગે.**

**(અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૮–૪–૨૦૧૭ ની કાર્યવાહી સભ્યશ્રીઓને તા.૧૯–૪–૨૦૧૭ ના રોજ પરિપત્રીત કરી જો કાર્યવાહીમાં સુધારા વધારા હોય તો તા.૪–૫–૨૦૧૭ સુધીમાં યુનિવર્સિટીને જાણ કરવા જણાવેલ હતું. નિયત સમયમાં સભ્યશ્રીઓ ધ્વારા કોઈ સુધારા સૂચવેલ નથી.)**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળ (BUT) ની તા.૧૮–૦૪–૨૦૧૭ ની કાર્યવાહી સર્વાનુંમતે મંજુર કરવામાં આવે છે.**

**(કાર્યવાહી મંજુર થયેથી માન. કુલપતિશ્રી દ્રારા કાર્યવાહી પર સહી કરી.)**

**(૨)** આર્ટસ ફેકલ્ટીના સોશ્યોલોજી વિષયમાં યુનિવર્સિટી સોશ્યોલોજી વિભાગના આસીસ્ટન્ટ પ્રોફેસર (૧) ર્ડા. રેખાબેન એન.મિસ્ત્રીને સિન્ડિકેટની સભાના તા.૧–૪–૨૦૧૭ના ઠરાવ ક્રમાંક (૧૦૦) થી અને (૨) ર્ડા.બહાદુરસિંહ એ. વસાવાને સિન્ડિકેટની સભાના તા.૧–૪–૨૦૧૭ના ઠરાવ ક્રમાંક (૧૦૧) થી પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવામાં આપવામાં આવેલ હોય, જે અંગેની જાણ (૧) ર્ડા.રેખાબેન એન. મિસ્ત્રીને યુનિવર્સિટીના પત્રાંક:No:PG/Ph.D.ST/6264/2017, Date:11/04/2017 થી અને (૨) ર્ડા. બહાદુરસિંહ એ. વસાવાને યુનિવર્સિટીના પત્રાંક :No:PG/Ph.D.ST/6265/2017, Date:11/04/2017 થી માન્યતાની જાણ કરેલ છે. માન્યતા પ્રાપ્ત અધ્યાપક ધ્વારા તેમના તા.૧૮/૪/૨૦૧૭ના સંયુકત પત્રથી વિભાગના વડાશ્રીની ભલામણ સાથે Sociology/Social Work માં માન્યતા આપવા વિનંતી કરેલ છે. જે વિનંતી પર વિચારણા કરવા બાબત.

<u>**નોંધ**</u> : અરજીકર્તા અધ્યાપકો દ્વારા Sociology વિષયમાં પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક માટે અરજી કરેલ હોય જે ઘ્યાને લેતા પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકની આપેલ માન્યતા અરજીકર્તાની વિનંતી મુજબની છે.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સોશ્યોલોજી વિષયમાં યુનિવર્સિટી એમ.એસ.ડબલ્યુ પોગ્રામના આસીસ્ટન્ટ પ્રોફેસર (૧) ર્ડા. રેખાબેન એન.મિસ્ત્રીને સિન્ડિકેટની તા.૧–૪–૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંક (૧૦૦) અન્વયે અને (૨) ર્ડા.બહાદુરસિંહ એ. વસાવાને સિન્ડિકેટની તા.૧–૪–૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંક (૧૦૧) અન્વયે પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવામાં આવેલ છે. ર્ડા.રેખાબેન એન. મિસ્ત્રી અને ર્ડા. બહાદુરસિંહ એ. વસાવા દ્વારા તેમના તા.૧૮/૪/૨૦૧૭ના સંયુકત પત્રથી વિભાગના વડાશ્રીની ભલામણ સાથે પીએચ.ડી સુપરવાઈઝીગ ટીચરની માન્યતા સોશ્યોલોજી / સોશ્યલ વર્ક માં આપવા કેરેલ વિનં તી પર ચર્ચા વિચારણાને અંતે ડો.રેખાબેન એન. મિસ્ત્રી અને ર્ડા. બહાદુરસિંહ એ. વસાવાને સોશ્યોલોજી વિષયના સ્થાને સોશ્યલ વર્ક વિષયમાં પીએચ.ડી સુપરવાઈઝીગ ટીચરની માન્યતા આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૩)** **શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ દરમિયાન શ્રીમતી કે.કે. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વર ની M.A.-English ના યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દની માન્યતા આપવાની અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિ (<u>L</u>ocal <u>I</u>nquiry <u>C</u>ommittee) દ્વારા કોલેજની મુલાકાત બાદ સમિતિ દ્વારા નીચેની વિગતોને આધીન શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ <u>નું નવું જોડાણ મંજૂર</u> કરવા ભલામણ કરેલ નથી. સમિતિની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.**

<u>**વિગતો**</u> **:–**

**એમ.એ.–અંગ્રેજી વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે આ કોલેજમાં પૂરતો ટીચીંગ સ્ટાફ કોઈપણ પ્રકારે લાવી શકાય એમ નથી. તે સંજોગોમાં વિદ્યાર્થીઓના હિતમાં આ કોલેજને એમ.એ.–અંગ્રેજીનું કેન્દ્ર આપી શકાય એમ નથી.**

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ દરમિયાન શ્રીમતી કે.કે. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વર ની M.A.-English ના યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દની માન્યતા આપવાની અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિ (Local Inquiry Committee) દ્વારા**

**કોલેજની મુલાકાત બાદ સમિતિ દ્વારા એમ. એ.– અંગ્રેજી વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે કોલેજમાં પૂરતો ટીચીંગ સ્ટાફ કોઈ પણ પ્રકારે લાવી શકાય એમ ન હોય, શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ નું નવું જોડાણ મંજૂર નહી કરવાની ભલામણની નોંધ લેવામાં આવે છે.**

**(૪)** Government of India, Ministry of Ayurveda, Yoga & Naturopthy, Unani, Siddha and Homoeopathy (AYUSH), New Delhi ના અંડર સેક્રેટરીના તા.૧૫–૨–૨૦૧૭ ના પત્ર Central Council of Homoepathy ના આસીસ્ટન્ટ સેક્રેટરી (ટેક.) ના પત્રમાં જણાવ્યાનુસાર, શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ થી અનુસ્નાતક કક્ષાએ M.D. - Homoeopathy અભ્યાસક્રમના પ્રવેશની કાર્યવાહી AYUSH National Post Graduate Entrance Test (AYUSH NPGET) દ્વારા કરવાની જાણ કરેલ હોય જે મુજબ અમલ કરવાની નોંધ લેવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Government of India, Ministry of Ayurveda, Yoga & Naturopthy, Unani, Siddha and Homoeopathy (AYUSH), New Delhi ના અંડર સેક્રેટરીના તા.૧૫–૨–૨૦૧૭ ના પત્ર થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ થી અનુસ્નાતક કક્ષાએ M.D. - Homoeopathy અભ્યાસક્રમના પ્રવેશની કાર્યવાહી AYUSH National Post Graduate Entrance Test (AYUSH NPGET) દ્વારા કરવાની જાણ કરેલ છે. જેની નોંધ લઈ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭–૧૮થી કે જે શૈક્ષણિક વર્ષથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં M.D. - Homoeopathy અભ્યાસક્રમના પ્રવેશની કાર્યવાહી શરૂ થાય તે શૈક્ષણિક વર્ષથી પ્રવેશની કાર્યવાહી AYUSH National Post Graduate Entrance Test (AYUSH NPGET) ના જે તે શૈક્ષણિક વર્ષના પ્રવેશ પરીક્ષાના નિયમો મુજબ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૫)** ગુજરાત સરકાર, હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર ડિપાર્ટમેન્ટ, ગાંધીનગરના જોઈન્ટ સેક્રેટરીશ્રીના તા.૨૪–૩–૨૦૧૭ ના ક્રમાંક : GP-11-MCG-1017-SFS-J અને ક્રમાંક : GP-12/MCG/1017/SFS-15/J અન્વયે Gujarat Professional Medical Educational College or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 20017 થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ થી મેડીકલ કક્ષાએ અનુસ્નાતક અભ્યાસક્રમના પ્રવેશની કાર્યવાહીના રૂલ્સની જાણ કરેલ હોય જે મુજબ અમલ કરવાની નોંધ લેવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકાર, હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર ડિપાર્ટમેન્ટ, ગાંધીનગરના જોઈન્ટ સેક્રેટરીશ્રીના તા.૨૩ માર્ચ ૨૦૧૭ ના નોટીફીકેશન ક્રમાંક : GP-11-MCG-1017-SFS-J થી Contempt Petition No.584/2016, in CA No.4060/2009ના નામદાર સુપ્રિમકોર્ટના તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૬ના ઓરલ ઓર્ડર મુજબ સ્નાતક, અનુસ્નાતક અને ડેન્ટલ કોર્ષીસના પ્રવેશની કાર્યવાહી શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭–૧૮થી રાજય સરકાર દ્વારા Centralized Counciling થી કરવાની કરેલ જાણ સાથેના પ્રવેશ અને તેને આનુંસાંગીક નિયમોની નોંધ લેવામાં આવે છે. અને એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૬)** બાયોટેકનોલોજી વિભાગના કો.ઓર્ડિનેટર ડૉ. ગૌરવ શાહની વિનંતી અનુસાર આગામી સત્રથી નીચે મુજબનાં નવા બે કોર્ષ ક્રમશઃ મંજૂર કરવા બી.એસસી. એન્ડ એમ.એસસી.બાયોટેક વિષયની એડહોક બોર્ડની તા.૧૨/૫/૨૦૧૭ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨ અન્વયે કરેલ ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાની

તા.૧૨/૦૭/૨૦૧૭ ની સભાનાં ભલામણ ક્રમાંકઃ ૧૯ અન્વયે સ્વીકારી તે અંગે બી.યુ.ટી.ને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**બી.એસસી. એન્ડ એમ.એસસી.બાયોટેક વિષયની એડહોક બોર્ડએ તેની તા.૧૨/૫/૨૦૧૭ની સભાનાં ભલામણ ક્રમાંક : ૨**

:: આથી ઠરાવવામાં આવે છે કે, બાયોટેકનોજી વિભાગના કો.ઓર્ડિનેટરશ્રી ર્ડા.ગૌરવ શાહની વિનંતી અનુસાર આગામી સત્રથી નવા બે કોર્ષ શરૂ કરવાની સર્વ સંમત મંજૂર કરેલ છે. જે શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ થી અમલ આવે રીતે મંજૂર કરવા વિજ્ઞાન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.
(પરિશિષ્ટ–૧)

1. Certificate Course in Basics of Biotechnology
2. One year Diploma Course in Molecular and Biochemical Technology

**વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૧૨/૦૭/૨૦૧૭ ની સભાનાં ભલામણ ક્રમાંક : ૧૯**

:: આથી ઠરાવવામાં આવે છે કે, બી.એસસી. એન્ડ એમ.એસસી.બાયોટેક વિષયની એડહોક બોર્ડએ તેની તા.૧૨/૫/૨૦૧૭ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨ યથાવત સ્વીકારી બી.યુ.ટી.ને ભલામણ કરવામાં આવે છે. (શૈક્ષણિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૧૨/૦૭/૨૦૧૭ ની સભાનાં ભલામણ ક્રમાંકઃ (૧૯) થી નીચેના અભ્યાસક્રમ શરૂ કરવાની Board of University Teaching (બી.યુ.ટી.) ને કરેલ ભલામણ Board of University Teaching દ્વારા નીચેના વિષયોના અભ્યાસક્રમો સાથે અભ્યાસક્રમોનું Time Table એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજુ કરવા ભલામણ કરવામાં આવે છે.**

1. Certificate Course in Basics of Biotechnology
2. One year Diploma Course in Molecular and Biochemical Technology

**(૭)** P.G.Diploma in Toxicology નો નવો સીલેબસ અંગે ચર્ચા વિચારણા કરી બાયોસાયન્સ વિષયની અભ્યાસસમિતિએ તેની તા.૧૨/૫/૨૦૧૭ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩ અન્વયે કરેલ ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૧૨/૦૭/૨૦૧૭ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૧ અન્વયે સ્વીકારી તે અંગે બી.યુ.ટી.ને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**બાયોસાયન્સ વિષયની અભ્યાસસમિતિની તા.૧૨/૫/૨૦૧૭ની સભાનાં ભલામણ ક્રમાંકઃ ૩**

ફઃ આથી ઠરાવવામાં આવે છે કે, P.G.Diploma in Toxicology નો નવો સીલેબસ અંગે ચર્ચા વિચારણા કરી મંજૂર કરવામાં આવે છે. અને વિજ્ઞાન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

**વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૧૨/૦૭/૨૦૧૭ ની સભાનાં ભલામણ ક્રમાંકઃ ૧૯**

:: આથી ઠરાવવામાં આવે છે કે, P.G.Diploma in Toxicology નો નવો અભ્યાસક્રમ સ્વીકારી મંજૂર કરવા બી.યુ.ટી.ને ભલામણ કરવામાં આવે છે.

(શૈક્ષણિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૧૨/૦૭/૨૦૧૭ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૧ થી P.G. Diploma in Toxicology નો અભ્યાસક્રમ સ્વીકારી મંજૂર કરવા બી.યુ.ટી.ને કરેલ ભલામણ સ્વીકારી એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજુ કરવા ભલામણ કરવામાં આવે છે.**

**(૮)** એસ. પી. બી ફીઝીયોથેરાપી કોલેજ, સુરતના યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત આસી. પ્રોફેસર ર્ડા. પટેલ પ્રકાશકુમાર જયેંતીલાલ ધ્વારા ફીઝીયોથેરાપી અભ્યાસક્રમના કાર્ડીયો રેસ્પીરેટરી વિષયના

અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાની તા.૧૯–૮–૨૦૧૫ ની અરજી / વિનંતી સંદર્ભમાં અરજીકર્તા અધ્યાપકની અનુસ્નાતક અભ્યાસક્રમની માર્કશીટમાં સ્પેશ્યલાઈઝેશન વિષય દર્શાવેલ ન હોય તેની જાણ યુનિવર્સિટી ધ્વારા અરજીકર્તા અધ્યાપકને કરતા અધ્યાપક ધ્વારા તેના તા. ૧–૫–૨૦૧૭ના પત્રથી નીચે મુજબ સ્પષ્ટતા કરેલ છે, જે અવલોકનમાં લઈ મેડીકલ ફેકલ્ટીના ડીનશ્રીએ આચાર્યશ્રીની ભલામણ બી.યુ.ટી. ની વિચારણા માટે રજૂ કરવા ભલામણ કરેલ હોય જે ભલામણ સંદર્ભમાં ડૉ. પટેલ પ્રકાશકુમાર જયેંતીલાલને ફીઝીયોથેરાપી અભ્યાસક્રમના કાર્ડીયો રેસ્પીરેટરી વિષયના અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવી કે કેમ ? તે અંગે વિચારણા કરવા બાબત.

(૧) એસ.પી.બી. ફીઝીયોથેરાપી કોલેજ, સુરતના ઈ.ચા.આચાર્યશ્રી ધ્વારા રજુ કરેલ પ્રમાણપત્રમાં નીચે મુજબ સ્પષ્ટતા કરેલ છે.

He has complited his master study in the core subject or "cardio-respitatory disorders & intensive care" On basis of his core subject he is conducting classes at our institute in the subject of cardio-thoracis surgery in third year and cardiopulmonary physiotherarpy in fourth year. He is taking 6 lectures per week (theory) and 2 lectures as per week (practical) in his core subjects for Bachelor of Physiotherapy students

(૨) DPO'S NETT COLLEGE OF PHYSIOTHERAPY ના આચાર્યશ્રી પ્રમાણપત્રમા જણાવ્યા મુજબ તેઓ આસી પ્રોફેસર તરીકે કાર્યરત હતા તેમના ધ્વારા નીચે મુજબની નોંધ કરેલ છે.

As per his university marksheet record at our institute, he has completed his master of Physiotherapy in core subject of " Cardio-Respiratory Disorderor of intensive care" from Rajiv Gandhi University of Health Sciences Karnataka.On basis of his core subject he was conduction classes at our institute in subject of Cardio-Vascular and respiratory sciencs. He was taking Lecturers per week (theory) and 2 Lectures (Practical per week in his core subject for bachelor of Physiotherapy Students.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એસ. પી. બી ફીઝીયોથેરાપી કોલેજ, સુરતના યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત આસી. પ્રોફેસર ડૉ. પટેલ પ્રકાશકુમાર જયંતીલાલ ધ્વારા ફીઝીયોથેરાપી અભ્યાસક્રમના કાર્ડીયો રેસ્પીરેટરી વિષયના અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાની તા.૧૯–૮–૨૦૧૫ ની અરજી / વિનંતી સંદર્ભમાં અરજીકર્તા અધ્યાપકની અનુસ્નાતક અભ્યાસક્રમની માર્કશીટમાં સ્પેશ્યલાઈઝેશનનો વિષય દર્શાવેલ ન હોય, જે બાબતે અરજીકર્તા અધ્યાપકની તેમના તા.૧–૫–૨૦૧૭ના પત્રથી કરેલ સ્પષ્ટતા અવલોકનમાં લઈ મેડીકલ ફેકલ્ટીના ડીનશ્રીએ આચાર્યશ્રીની ભલામણ બી.યુ.ટી. ની વિચારણા માટે રજૂ કરવા ભલામણ કરેલ હોય જે ભલામણ સંદર્ભમાં ડૉ.પટેલ પ્રકાશકુમાર જયંતીલાલને ફીઝીયોથેરાપી અભ્યાસક્રમના કાર્ડીયો રેસ્પીરેટરી વિષયના અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાની સમિતિ પર મેડીકલ ફેકલ્ટીના ડીનશ્રી અને સંબધિત બોર્ડ ઓફ સ્ટડીઝ ના ચેરમેનની નિમણૂંક કરવા અને તેમની ભલામણ મુજબ માન્યતાની આગળની કાર્યવાહી કરવી.**

**(૯)** **એમ.ફીલ સંશોધન અભ્યાસના ગુજરાતી વિષયના ડૉ. આશાબેન ગોહિલના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરનાર વિદ્યાર્થીની પટેલ ટીનાબહેન ગોવિંદભાઈ ના બાહ્ય રેફરી પૈકી**

- ❖ Dr. Rajendra Mehta, Delhi એ પ્રફોર્મા રીપોર્ટમાં Be rejected ની ભલામણ સાથે ડીટેઈલ રીપોર્ટમાં શોધનિબંધને રદ કરવાની ભલામણ કરેલ છે.
- ❖ Dr. Darshanaben Oza ના યુનિવર્સિટી કાર્યાલયને તા.૦૨/૦૬/૨૦૧૭ના રોજ પ્રાપ્ત થયેલ પત્રમાં The Dissertation be accepted for the M.Phil. Degree એમ જણાવેલ છે

બાહ્ય નિર્ણાયકો પૈકી ડૉ.દર્શનાબેન ઓઝાના અહેવાલની હકારાત્મક ભલામણ તેમજ મર.Rajendra Mehta, Delhi ધ્વારા શોધ નિબંધ રદ કરવાની ભલામણ કરેલ હોય જે અવલોકનમાં લેતા સંશોધનાર્થીના શોધ નિબંધ રદ કરી સંશોધનાર્થીના માર્ગદર્શક શિક્ષકને એક વર્ષમાં ફરીથી શોધ નિબંધ રજૂ કરવા જણાવીએ કે કેમ તે પર વિચારણા કરવા અંગે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એમ.ફીલ સંશોધન અભ્યાસના ગુજરાતી વિષયના ડાં. આશાબેન ગોહિલના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરનાર વિદ્યાર્થીની પટેલ ટીનાબહેન ગોવિંદભાઈ ના બાહ્ય રેફરી પૈકી ડૉ.દર્શનાબેન ઓઝાના અહેવાલની હકારાત્મક ભલામણ તેમજ Dr.Rajendra Mehta, Delhi ધ્વારા શોધ નિબંધ રદ કરવાની ભલામણ અંતર્ગત તેમના દ્વારા કરેલ સૂચનો આમેજ કરી ત્રીજા રેફરીની નિયુકતી કરવી.**

**(૧૦)** પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં કાનૂન (લો) વિષયમાં પ્રવેશ મેળવના ડાં. વિપુલભાઈ જે. સોમાણીના (પ્રોફેસર એન્ડ હેડ, મહાત્મા ગાંધી, રૂરલ સ્ટડીઝ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત) નીતા.૨૨/૦૬/૨૦૧૭ના રોજની અરજી માં જણાવ્યા મુજબ તેઓ દ્વારા બોટની વિષય સાથે પૂણે યુનિવર્સિટી માંથી વર્ષ–૧૯૯૦ માથી પીએચ.ડી.પૂર્ણ કરેલ છે. પીએચ.ડી. સંશોધનમાં કાનૂન(લો) વિષયમાં પ્રવેશ મેળવેલ હોય તેમના દ્વારા કોર્ષ વર્ક માંથી મુકિત આપવા માટે વિનંતી તેમના માર્ગદર્શક શિક્ષકશ્રી દ્વારા તેઆ Ph.D. ડીગ્રી પાસ હોય, અનુસ્નાતક વિભાગના વડા તરીકે કાર્યરત હોય અને Ph.D. માર્ગદર્શક શિક્ષક હોય તેમને કોર્ષ વર્ક માંથી મુકતી આપવાની ભલામણ કરેલ હોય જે વિનંતી પ્રવર્તમાન Ph.D.3(I) ની નચેની જોગવાઈ અવલોકનમાં લેતા મુકતી આપીએ કે કેમ તે પર વિચારણા કરવા અંગે.

<u>Ph.D.3(I).</u>

The course work shall have courses where the one paper shall be Research Methodology and other decided by UGC. A candidate who has successfully completed M.Phil. Course work of a concerned subject from this University shall be exempted from the course work. A candidate who has obtained M.Phil. degree from any other than Veer Narmad South Gujarat University shll also be exempted from course work after getting the equivalence report of the course work and approved by the Vice Chancellor.

(અનુસ્નાતક વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં કાનૂન (લો) વિષયના સંશોધનાર્થી ડાં. વિપુલભાઈ જે. સોમાણી દ્વારા તેમના તા.૨૨/૦૬/૨૦૧૭ના રોજના પત્રથી બોટની વિષય સાથે પૂણે યુનિવર્સિટી માંથી વર્ષ–૧૯૯૦ દરમ્યાન પીએચ.ડી.પૂર્ણ કરેલ હોય, પીએચ.ડી. સંશોધનમાં કાનૂન(લો) વિષયના કોર્ષ વર્ક માંથી મુકિત આપવા માટે વિનંતી કરેલ હોય જે વિનંતી સંશોધન અભ્યાસનો વિષય ધ્યાને લેતા સ્વીકારવામાં આવતી નથી.

**<u>નોંધ</u> : સદરહું બાબતની ચર્ચા દરમ્યાન ડાં.વિપુલ સોમાણી સભાખંડમાં ઉપસ્થિત રહેલ ન હતા.**

**(૧૧)** શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન એમ.કોમ. સ્ટેટીસ્ટીકસ અભ્યાસમાં અરજીકર્તા ઉમેદવાર **પટેલ ધર્મરાજ નરેશભાઈ**ની તા.૦૩/૦૭/૨૦૧૭ના રોજની અરજીથી તેઓએ બી.કોમ. ની ડીગ્રી વર્ષ– ૨૦૧૦માં પાસ કર્યા બાદ એલએલ.બી. તથા એમ.કોમ. (Financial & Mgt. Account) અનુક્રમે વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૫માં પાસ કરેલ હોય, હવે તેઓએ ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન **એમ.કોમ. સ્ટેટીસ્ટીકસ** વિષય માટેની અરજીમાં સ્નાતક ડીગ્રી વર્ષ ૨૦૧૦ હોય તેઓના મેરીટ

પર્સન્ટેજ માંથી (૬%) બાદ થયેલ છે. અરજીકર્તાની રજૂઆત અનુસાર તેઓએ બી.કોમ. ડીગ્રી વર્ષ ૨૦૧૦ માં પાસ કર્યા બાદ વર્ષ ૨૦૧૫ સુધી અભ્યાસ કન્ટીન્યુ કરેલ હોય જે ધ્યાને લઈ અરજીકર્તા ઉમેદવારનો કન્ટીન્યુ અભ્યાસ બાદ જેટલા વર્ષ અભ્યાસ ન કરેલ હોય તે ધ્યાને લઈ એક થી વધુ વર્ષ બાદ પ્રવેશ અરજી કરે તો એક વર્ષના (૨%) લેખે મહત્તમ (૬%) કપાત કરવા વિચારણા કરવા અંગે.

નોંધ : એકેડેમિક કાઉન્સિલની તા.૧૪/૧૦/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૪૨) અનુસાર અનુસ્નાતક અભ્યાસમાં પ્રવેશ અરજીકર્તા દ્વારા એક થી વધુ વર્ષ બાદ પ્રવેશ માટે અરજી કરે તો સ્નાતક અભ્યાસ પૂર્ણ કર્યેથી એક વર્ષના ૨% લેખે મહત્તમ ૬% પ્રવેશપાત્રતાના માર્કસમાંથી બાદ કરી પ્રવેશની મેરીટ યાદીમાં સમાવવા.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ અરજીકર્તા દ્વારા તેના સ્નાતક અભ્યાસક્રમના અંતિમ વર્ષમાં એક થી વધુ ટ્રાયલથી પરીક્ષા પાસ કરેલ હોય તો, જો સેમેસ્ટર સીસ્ટમ હોય તો પ્રયત્ન (એટેમ્પ) દીઠ (૧) એક ટકા અને વાર્ષિક પધ્ધતિની પરીક્ષા હોય તો પ્રયત્ન (એટેમ્પ) દીઠ (૨) બે ટકા, મહ ત્તમ (૬) છ ટકાની કપાત સ્નાતક અભ્યાસના અંતિમ વર્ષમાં મેળવેલ કુલ ગુણના ટકામાંથી કરવા અને અરજીકર્તા તેના સ્નાતક અભ્યાસ બાદ એક કે વધુ વર્ષના બ્રેક બાદ પ્રવેશ અરજી કરે તો તેવા અરજીકર્તા ઉમેદવારના સ્નાતક અભ્યાસના માર્કસ માંથી કોઈ પણ કપાત ન કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૧૨)** શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માટે **એમ.એસસી.–બોટની** અનુસ્નાતક અભ્યાસમાં ઓનલાઈન પ્રવેશ અરજીકર્તા **પટોલીયા અર્ચીતકુમાર અશોકભાઈ**ની તા.૨૭/૦૬/૨૦૧૭ની અરજીથી તેઓએ ચાર (૪) વર્ષિય ઈન્ટીગ્રેટેડ સ્નાતક પદવી B.Sc. B.Ed. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬માં પાસ કરેલ છે. જ્યારે પ્રવેશ અરજીમાં ત્રણ (૩) વર્ષિય બેચલર ડીગ્રી અભ્યાસનો વર્ષ ૨૦૧૫ ની માહિતી દર્શાવતા તેઓના મેરીટના ટકા માંથી વર્ષ દીઠ ગેપીંગના ૨% લેખે કુલ–૪ % બાદ થયેલ હોય અરજીકર્તા દ્વારા પોતે ઈન્ટીગ્રેટેડ સ્નાતક પદવી વર્ષ ૨૦૧૬માં પાસ કરેલ હોય જે વર્ષને સ્નાતક પરીક્ષા પાસ કર્યાનો વર્ષ માન્ય રાખવા કરેલ વિનંતી સંદર્ભે ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા દ્વારા પ્રસ્તુત અરજીકર્તાએ બાયોલોજી વિષય સાથે ઈન્ટીગ્રેટેડ સ્નાતકની ડીગ્રી પાસ કરેલ હોય જે M.Sc. Botany અભ્યાસમાં પ્રવેશ આપવા તથા ઈન્ટીગ્રેટેડ કોર્ષમાં વિદ્યાર્થીના ૨% કપાત યોગ્ય જણાતી ન હોય જે બાબત સત્તા મંડળમાં રજૂ કરવા ભલામણ કરેલ છે. જેના પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બાબત ક્રમાંક : ૧૧ અને ૧૨ ની સંયુકત વિચારણા કરવામાં આવેલ હતી. બાબતક્રમાંકઃ૧૧ મુજબ સંયુકત ઠરાવ નીચે મુજબ કરેલ છે.**

**અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ અરજીકર્તા દ્વારા તેના સ્નાતક અભ્યાસક્રમના અંતિમ વર્ષમાં એક થી વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરેલ હોય તો, જો સેમેસ્ટર સીસ્ટમ હોય તો ટ્રાયલ દીઠ (૧) એક ટકા અને વાર્ષિક મોડની પરીક્ષા હોય તો ટ્રાયલ દીઠ (૨) બે ટકા, મહત્તમ (૬) છ ટકાની કપાટ સ્નાતક અભ્યાસના અંતિમ વર્ષમાં મેળવેલ કુલ ગુણના ટકામાંથી કરવા અને અરજીકર્તા તેના સ્નાતક અભ્યાસ બાદ એક કે વધુ વર્ષના બ્રેક (Gap) બાદ પ્રવેશ અરજી કરે તો તેવા અરજીકર્તા ઉમેદવારના સ્નાતક અભ્યાસના માર્કસ માંથી કપાત ન કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૧૩)** એચ.આર.ડી. વિભાગના વડાશ્રીના તા.૧૯/૦૯/૨૦૧૭ના રોજના પત્રાંકઃએચ.આર.ડી./૩૨૮/૨૦૧૭થી ડિપાર્ટમેન્ટમાં M.L.W. અભ્યાસક્રમ વર્ષ ૧૯૮૭ થી ગ્રાન્ટ ઈન એઈડ ધોરણે શરૂ કરવામાં આવ્યો હોય ત્યારબાદ ત્યાર બાદ આર્થિક બાબતોને કારણે ફી વધારવાની એચ.આર.ડી. વિભાગની દરખાસ્ત અન્વયે B.U.T.ની તા.૧૦/૦૪/૨૦૦૮ની બાબત

ક્રમાંકઃ (૧૭) થી M.L.W. પ્રોગ્રામને સ્વનિર્ભર તરીકે ચલાવવા સિન્ડિકેટને ભલામણ કરેલ હોય જે ભલામણ સિન્ડિકેટ દ્વારા તેની તા.૯/૦૫/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ૩૩ થી M.L.W. કોર્ષ ૨૦૦૮–૦૯થી સ્વનિર્ભર ધોરણે શરૂ કરવાની મંજૂરી મળેલ હતી. હાલ વિભાગની આર્થિક પરિસ્થિત સંતોષકારક હોવાથી આ અભ્યાસક્રમને ૧૯૮૭ માં શરૂ થયેલ તે પ્રમાણે પુનર્વત કરી ગ્રાન્ટ ઈન એઈડ મુજબ શરૂ કરવાની વિનંતી કરેલ છે જે વિનંતી પર વિચારણા કરવા અંગે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદરહું બાબત Withdraw કરવી.**

**(૧૪)** ગર્વમેન્ટ મેડિકલ કોલેજ, સુરતના ન્યુરોલોજી વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ઝાંઝમેરા પરેશની પી.જી.ટીચરની માન્યતાની વિનંતી હાલમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં ન્યુરોલોજી વિષયમાં યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્ર કે યુનિવર્સિટી સ્વનિર્ભર અભ્યાસ ચાલતો ન હોય, ડીનશ્રી તબીબી વિદ્યાશાખાના અભિપ્રાય મુજબ તા. ૧૨/૦૯/૨૦૧૭ ના રોજ મેડીસીન(ન્યુરોલોજી) વિષયના પી.જી.ટીચર તરીકે માન્યતા આપેલ હોય સદરહું માન્યતા બાબતે ડૉ.ઝાંઝમેરા પરેશ દ્વારા મેડીસીન(ન્યુરોલોજી) ના સ્થાને ન્યુરોલોજી વિષયમાં માન્યતા આપવા તેમના તા. ૨૫/૦૯/૨૦૧૭ ના પત્રથી વિનંતી કરેલ હોય જે વિનંતી અવલોકનમાં લેતા ડૉ. ઝાંઝમેરા પરેશ ને મેડીસીન(ન્યુરોલોજી) ના અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ન્યુરોલોજીના અનુસ્નાતક શિક્ષક તરીકે આપીએ કે કેમ તે બાબતે વિચારણા કરવા બાબત.

| **ક્રમ.** | **આસીસ્ટન્ટ પ્રોફેસર નું નામ** | **લાયકાત** | **લાયકાત / અનુભવ ધ્યાને લેતાં Ord.109 મુજબ પાત્રતા ધરાવે છે કે કેમ.** |
|---|---|---|---|
| ૧. | ડૉ. ઝાંઝમેરા પરેશ | M.B.B.S<br>M.D.-Medicine<br>DM -Neurology | Eligible as per Ord.0.109(III) FOR **DM (Neurology)**<br>***Total Exp.Req.8 yrs./ 5 yrs.after obtaining PG Degree** |

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગર્વમેન્ટ મેડિકલ કોલેજ, સુરતના ન્યુરોલોજી વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ઝાંઝમેરા પરેશની ન્યુરોલોજી વિષયમાં અનુસ્નાતક શિક્ષકની માન્યતા આપવાની તેમના તા.૨૭–૦૯–૨૦૧૭ના પત્રથી કરેલ વિનંતી અરજીકર્તા અધ્યાપકની સુપર સ્પેશ્યાલીટીના અભ્યાસ DM (Neurology) ધ્યાને લઈ ડૉ. ઝાંઝમેરા પરેશને તબીબી વિદ્યાશાખાના ન્યુરોલોજી વિષયના અનુસ્નાતક શિક્ષકની માન્યતા આપવી.**

**(૧૫)** આચાર્યશ્રી, જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીના તા.૧૭/૧૧/૨૦૧૭ના પત્રથી પી.જી. (એમ.એ.) ના નીચેના પ્રવેશ નિયમ ક્રમાંકઃ (૪) મુજબ વિનયન વિદ્યાશાખા હેઠળ સ્નાતક પરીક્ષા બીજા અથવા પ્રથમ વર્ગ સાથે પાસ કરેલ ઉમેદવારને એમ.એ. અભ્યાસના કોઈપણ વિષય માટે પ્રવેશપાત્ર ગણવાની જોગવાઈ છે. સ્નાતક કક્ષાએ સેમેસ્ટર સીસ્ટમમાં પાંચમા અને છઠ્ઠા સેમેસ્ટરમાં જે વિષય સાથે પાસ થયેલ હોય તે સિવાયના વિષયમાં એમ.એ. અનુસ્નાતક અભ્યાસમાં નીચેની જોગવાઈ અન્વયે Provided **however, a candidate who has passed the degree examination in Second or First class may be considered eligible for admission to the M.A. Degree course <u>in any subject</u>** પ્રવેશ આપવાના હોય જે જોગવાઈ પર વિચારણા કરવા બાબત.

***<u>P.G. Rule No. 4</u>***

To be eligible for admission to a University Department/Post-Graduate Centre or at an Approved Institution in a subject, a candidate must have obtained the first degree or a degree recognised as equivalent thereto, in the same subject as the

Principal subject of the Post-Graduate Degree course. **Provided however, a candidate who has passed the degree examination in Second or First class may be considered eligible for admission to the M.A. Degree course in any subject.**

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન વિદ્યાશાખા અંતર્ગત વિવિધ અનુસ્નાતક વિષયના અભ્યાસક્રમમાં ઉમેદવારોને તેના સ્નાતક અભ્યાસના મુખ્ય વિષયમાં પ્રવેશ આપવામાં આવે છે. પરંતુ ઉમેદવાર તેના મુખ્ય વિષય સિવાયના અભ્યાસક્રમમાં અરજી કરે તો તેવા અરજીકર્તાની અરજી જે તે અનુસ્નાતક વિષયના પ્રવેશ માટે તે જ વિષયના સ્નાતક અભ્યાસ પ્રવેશપાત્રતા ધરાવતા તમામ ઉમેદવારોને પ્રવેશની ફાળવણી થયા બાદ પ્રવેશની vacant બેઠકો પર નીચે મુજબ ક્રમાનુસાર મેરીટના આધારે પ્રવેશની કાર્યવાહી કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

(અ) **અરજીકર્તા ઉમેદવાર દ્વારા જે તે અનુસ્નાતક વિષયના પ્રવેશના વિષયો સ્નાતક અભ્યાસમાં પ્રથમ અને દ્વિતીય વર્ષમાં પાસ કરેલ હોય કે તૃતીય વષમાં ગૌણ વિષય તરીકે પાસ કરેલ હોય તો અરજીકર્તા ઉમેદવારની પ્રવેશ પરીક્ષા વિના મેરીટના આધારે પ્રવેશ ફાળવણી કરવી.**

(બ) **અરજીકર્તા ઉમેદવાર દ્વારા જે તે અનુસ્નાતક વિષયના પ્રવેશના વિષયો સ્નાતક અભ્યાસમાં પાસ કરેલ ન હોય તો અનુસ્નાતક અભ્યાસક્રમના વિષય સંબધીત પ્રવેશ પરીક્ષા લઈ સફળ ઉમેદવારને પ્રવેશની મેરીટના આધારે ફાળવણી કરવી.**

**(૧૬)** એમ.ફીલ. સંશોધન અભ્યાસની પાર્ટ ટાઈમ અભ્યાસની સમય અવધિ ૫૧/૨ વર્ષ અને ફૂલ ટાઈમ અભ્યાસની સમય અવધિ ૩૧/૨ વર્ષ હોય, એમ.ફીલ. નિયમ નંબર ૧૬ અને ૧૮ ની નીચેની જોગવાઈ વાંચનમાં લેતા એમ.ફીલ. સંશોધન અભ્યાસમાં ફૂલ ટાઈમ અભ્યાસ કરતા સંશોધનાર્થીને ૧ વર્ષ ( ૨ સત્ર) બાદ અને પાર્ટ ટાઈમ વિદ્યાર્થીને ૨ વર્ષ (ચાર સત્ર) બાદ એક્ષટેન્શનની જોગવાઈ હોય જે ધ્યાને લેતા સંશોધન અભ્યાસની નિયમ મુજબની કુલ સમય અવધિ જળવાતી ન હોય સંશોધન અભ્યાસની કુલ સમય અવધિ ધ્યાનમાં લેતા એમ.ફીલ. સંશોધન અભ્યાસમાં એક્ષટેન્શનની જોગવાઈ પી.એચ.ડી. સંશોધન અભ્યાસની જેમ એમ.ફીલ.માં પાર્ટ ટાઈમ અભ્યાસ કરતા સંશોધનાર્થીને રજીસ્ટ્રેશન બાદના ૨ વર્ષ (ચાર સત્ર) અને ત્યાર બાદ ૨ વર્ષ બાદ એટલે કે ચાર વર્ષ બાદ અને ફૂલ ટાઈમ અભ્યાસ કરતા સંશોધનાર્થીને રજીસ્ટ્રેશનથી ૧ વર્ષ (૨ ટર્મ ) બાદ વધુ ૧ વર્ષ બાદ એટલે કે ૨ વર્ષ બાદ એક્ષટેન્શન એમ.ફીલ નિયમ નંબર ૧૬ ની જોગવાઈ મુજબ પ્રથમ ૧ વર્ષના એક્ષટેન્શન માટે નિયમાનુસાર અરજી કરવા અને જો નિયત સમયમાં સિનોપ્સીસ/ ડેઝરર્ટેશન સબમીટ ન કરાવે તો નિયમ ૧૬ ની જોગવાઈ મુજબ વધુ ૬ માસનું એક્ષટેન્શન નિયમની જોગવાઈ મુજબ કરવા એમ.ફીલ. નિયમ નં.૧૬માં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

**M.Phil Extension Rule**:

**DURATION :**

The duration of the M. Phil. Course shall be two semesters (Full Time) or four semesters (part-time) with permission to complete the dissertation subsequently either as a regular candidate or as part time student within the maximum period of four semesters.

**M.PHIL Rule No.16**

A student failing to submit his / her synopsis by the end of second/fourth term as the case may be, shall apply in writing stating valid reasons for the delay in submitting the Dissertation, through the teacher under whom he / she is enrolled for the dissertation work and the Head of the University Department / the Principal of the College where the M. Phil. study is imparted, to the University for extension of one year which the Vice - Chancellor may at his discretion grant or refuse and his decision in this regard shall be final.

Provided further that the Vice - Chancellor may grant extension for a further period of six months for submitting the synopsis to a student who fails to submit the synopsis within the extended period. Application for further extension shall be made through the teacher under whom the student is enrolled for the Dissertation work and the Head of the University Department / the Principal of the College where the M. Phil. instruction is imparted.,

All applications for such extension shall be accompanied by categorical statement by the teacher under whom the student is enrolled to the effect that the student will positively submit the synopsis within the extended time limit if such extension is given. The decision of the Vice-Chancellor on such requests shall be final.

**M. PHIL. RULE NO. 18**

A student failing to submit his / her Synopsis after the extension granted under M. Phil. Rule No. 16 i.e. 3 1/2 years in case of full - time students and 5 1/2 years in case of part - time students shall be required to pay the prescribed tuition fees of two terms and submit his / her Dissertation within a year thereof. He / she shall also be required to pay fees for examination. The Synopsis should invariably be recommended by his / her guide and forwarded through the Head of the Department / Principal of the college to the Vice - Chancellor. Under no circumstances will a student be allowed to undertake this procedure more than once.

**<u>Ph.D. Extension Rule (Old)</u> કે જે જોગવાઈ BUT ની તા.૨૮/૬/૨૦૧૩ની સભાએ તેના ઠરાવ ક્રમાંક.(૧૭) અન્વયે અમલ કરવા ઠરાવેલ છે.**

**<u>Ph.D Rule No.20</u>**

A Student failing to submit his thesis within two years after completion of four terms shall apply in writing, valid reasons for the delay in submitting the thesis through his Supervising Teacher to the University for year- to - year extension for a maximum period of two years. The Vice-Chancellor may in his discretion grant or refuse to grant, the extension applied for and his decision in this behalf shall be final.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, M. PHIL. RULE NO. 16 માં જરૂરી સુધારો કરવા ઘટતી કાર્યવાહી કરવી.**

**(૧૭)** સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયૂટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ, સુરત (સ્મીમેર) ના ડીનશ્રીના તા.૧૦–૮–૨૦૧૭ ના પત્રક્રમાંક : સ્મીમેર/૧૯૯૨/૨૦૧૭ થી તબીબી વિદ્યાશાખા હેઠળ કોલેજમાં ચાલતા સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યસક્રમના તમામ વિષયોના યુનિવર્સિટીનું જોડાણ મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા નિર્ધારીત થયેલ સમયગાળા માટેનું એફીલીયેશન આપવા કરેલ વિનંતી સંદર્ભમાં અનુસ્નાતક વિષયના નામ સામે દર્શાવેલ વિષય માટે સિન્ડિકેટ ની તા.૨૨–૯–૨૦૧૭ ની બાબત ક્રમાંક : (૩૮) અન્વયે, નિયુકત ચકાસણી સમિતિએ કોલેજની તા.૦૧–૧૨–૨૦૧૭ના રોજ મુલાકાત બાદ મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા ની ભલામણ અન્વયે Government of India Ministry of Health & Family Welfare દ્વારા વિવિધ અનુસ્નાતક વિષયના પ્રવેશની બેઠકોની મંજુરીના Notification અવલોકનમાં લઈ A.Y.: 2018-19 થી નીચે મુજબના પત્રકમાં દર્શાવેલ અ.નં–૧ થી અ. નં–૬ ના અનુસ્નાતક અભ્યાસક્રમોને વિદ્યાર્થીઓની એફીલીએશન ફી જમા કરાવવાની શરતે કાયમી જોડાણ માટે, અને અ.નં–૭ ના અનુસ્નાતક અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯થી સમગ્ર અભ્યાસક્રમનું ત્રણ વર્ષ માટેનું જોડાણ આપવા ભલામણ કરેલ છે, જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

| ક્રમ નં. | અનુસ્નાતક અભ્યાક્રમ | (૧) MCI ની ભલામણ<br>(૨) કેન્દ્ર સરકારના Ministry of Health & Family Welfare ના Notification ની તારીખ. | પ્રવેશની મંજુર બેઠક | એફીલીએશનની MCIની ભલામણ |
|---|---|---|---|---|
| ૧. | **M.D. T.B. & Chest (Respiratory Medicine) (Pulmonary Medicine)** | **(1) No.MCI-94(22)/2016-Med./157721, Dt.05-01-2017. (2) 17-02-2017** | **3** | **5 Year** |
| ૨. | **M.D. Anatomy** | **(1) No.MCI-94(22)/2016-Med./158812, Dt.07/01/2017. (2) 20-03-2017.** | **2** | **5 Year** |
| ૩. | **M.D. Forensic Medicine & Toxicology** | **(1) No.MCI-94(22)/2016-Med./158817, Dt.07/01/2017. (2) 20-03-2017.** | **3** | **5 Year** |
| ૪. | **M.D. Biochemistry** | **(1) No.MCI-94(22)/2016-Med./143770, Dt.11/10/2017. (2) Dt.: 21-11-2017.** | **3** | **5 Year** |
| ૫. | **M.D. Pharmacology** | **(1) No.MCI-94(22)/2016-Med./143765, Dt.11/10/2017. (2) Dt.: 21-11-2017** | **3** | **5 Year** |
| ૬. | **M.D. Rediology** | **(1) No.MCI-94(22)/2016-Med./143003, Dt.09/10/2017. (2) Dt.: 21-11-2017.** | **3** | **5 Year** |
| ૭. | **M.D. Dermatology Venerology & Leprosy** | **(1) NO.MCI-23/(1)/2016-Med/173182, Dt.27-02-2017. (2) Dt.: 28-02-2017.** | **3** | **3 Year** |

**નોંધ :** –M.C.I. દ્વારા જેટલા શૈક્ષણિક વર્ષ માટે એફીલીએશનની મંજુરી આપેલ હોય, તે શૈક્ષણિક વર્ષ દરમ્યાનની દર વર્ષે અભ્યાસક્રમની એફીલીએશન ફી અને વિદ્યાર્થીઓની એફીલીએશન ફી જમા કરાવવાની શરતે એફીલીએશન મંજુર કરી શકાય.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયૂટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ, સુરત (સ્મીમેર) માં ચાલતા નીચે મુજબના અભ્યાસક્રમોને શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯થી અનુસ્નાતક વિષયના (સ્વર્નિભર) અભ્યાસક્રમ સામે દર્શાવેલ મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની ભલામણ અન્વયે કેન્દ્ર સરકારના Ministry of Health & Family Welfare ની મંજુરી મુજબ તે સામે દર્શાવેલ પ્રવેશ બેઠકો સામે દર્શાવેલ શૈક્ષણિક વર્ષની સમય અવધિ મુજબના શૈક્ષણિક વર્ષોનું એફીલીએશન, જે તે શૈક્ષણિક વર્ષના અનુસ્નાતક વિષયના અભ્યાસક્રમના ચાલુ જોડાણની એફીલીએશન ફી અને અનુસ્નાતક વિષયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની એફીલીએશન ફી જમા કરાવવાની શરતે મંજુર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

| ક્રમ નં. | અનુસ્નાતક અભ્યાક્રમ | (૧) MCI ની ભલામણ<br>(૨) કેન્દ્ર સરકારના Ministry of Health & Family Welfare ના Notification ની તારીખ. | પ્રવેશની મંજુર બેઠક | એફીલીએશનની MCIની ભલામણ |
|---|---|---|---|---|
| ૧. | **M.D. T.B. & Chest (Respiratory Medicine) (Pulmonary Medicine)** | **(1) No.MCI-94(22)/2016-Med./157721, Dt.05-01-2017. (2) 17-02-2017** | **3** | **5 Year** |
| ૨. | **M.D. Anatomy** | **(1) No.MCI-94(22)/2016-Med./158812, Dt.07/01/2017. (2) 20-03-2017.** | **2** | **5 Year** |
| ૩. | **M.D. Forensic Medicine & Toxicology** | **(1) No.MCI-94(22)/2016-Med./158817, Dt.07/01/2017. (2) 20-03-2017.** | **3** | **5 Year** |
| ૪. | **M.D. Biochemistry** | **(1) No.MCI-94(22)/2016-Med./143770, Dt.11/10/2017. (2) Dt.: 21-11-2017.** | **3** | **5 Year** |
| ૫. | **M.D. Pharmacology** | **(1) No.MCI-94(22)/2016-Med./143765, Dt.11/10/2017. (2) Dt.: 21-11-2017** | **3** | **5 Year** |
| ૬. | **M.D. Rediology** | **(1) No.MCI-94(22)/2016-Med./143003, Dt.09/10/2017. (2) Dt.: 21-11-2017.** | **3** | **5 Year** |
| ૭. | **M.D. Dermatology Venerology & Leprosy** | **(1) NO.MCI-23/(1)/2016-Med/173182, Dt.27-02-2017. (2) Dt.: 28-02-2017.** | **3** | **3 Year** |

**(૧૮)** પીએચ.ડી. સંશોધનન અભ્યાસમાં કોમપ્યુટર સાયન્સ એન્ડ ઈનફરમેશન ટેકનોલોજી વિધાશાખાના બાયોઈનફરમેટીકસ વિષયમાં પીએચ. ડી. સંશોધન અભ્યાસની નીચેની વિગત મુજબ સિનોપ્સીસ / થીસીસ જમા કરાવેલ હોય, સંશોધનાર્થી દ્વારા તેમની તા. ૨૧–૨–૨૦૧૭ના પત્રથી તેમના સંશોધન અભ્યાસનો વિધાશાખા ફેકલ્ટી ઓફ કમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈનફરમેશન ટેકનોલોજી બાયોઈનફરમેટીક વિષયના સ્થાને વિજ્ઞાન વિધાશાખાના બાયોસાયન્સ વિષય કરવાની માર્ગદર્શક શિક્ષક અને બાયોસાયન્સ વિષયના વડાશ્રીની ભલામણ સાથે મળેલ વિનંતી પર વિચારણ કરવા બાબત.

| No. | **Name of the Scholar Admission Subject & Guide** | Master Degree | Admission Reg.No. & Date | Synopsis Submitted on | Thesis Submitted on |
|---|---|---|---|---|---|
| 1 | Hajoori Murtaza Abbasbhai<br>Dr. S K Tank | M. Sc. Bioiformatics | 2816<br>3-7-2012 | 2-8-2016 | 26-7-2017 |
| 2 | Rachh Maulik Harshadbhai<br>Dr. Piyushbhai Desai | M. Sc. Bioiformatics | 2817<br>2-7-2012 | 24-6-2016 | 27-12-2016 |

નોંધ :(૧) સંશોધનાર્થીએ સિનોપ્સીસ / થીસીસ કમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈનફરમેશન ટેકનોલોજીના વિદ્યાશાખાના બાયોઈનફરમેટીકસ વિષય સાથે જમા કરાવેલ હોય, સંશોધનાર્થી (૧) હજુરી મુર્તઝ અબ્બાસભાઈ અને (૨)રચ મૌલિક હર્ષદભાઈ ના બાહ્ય નિર્ણાયકોની નિયુકતી કરેલ હોય જે પૈકીના (૧)હજુરી મુર્તઝ અબ્બાસભાઈના બાહય નિર્ણાયક ડૉ. હિમાંશુ પંડયા– ગુજરાત યુનિવર્સિટી ને અને (૨) રચ મૌલિક હર્ષદભાઈના બાહય નિર્ણાયક ડૉ. એન. જયાકુમાર–કોઈમ્બાટોરેને થીસીસ મૂલ્યાંકન માટે મોકલેલ છે.

(૨) સંશોધનાર્થીના પ્રવેશના વિષય અને વિદ્યાશાખા બાબતે બાયોસાયન્સ વિષયની રીસર્ચ સ્ટડીઝ સમિતિ દ્વારા બાયોઈનફરમેટીક વિષય હોવાથી અનુસ્નાતક શિક્ષણ મંડળની સભા સમક્ષ રજુ કરવા ભલામણ કરેલ હોય,જે ભલામણ સંદર્ભમાં અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૯–૫–૨૦૧૨ના ઠરાવ ક્રમાંક (૪૪)અન્વયે પીએચ.ડી.નું રજીસ્ટ્રેશન નવનિયુકત કમ્પ્યુટર સાયન્સ વિદ્યાશાખામાં કરવા ઠરાવેલ હોય જે મુજબ પ્રવેશની ફાળવણી કરેલ હતી.

(૩) સંશોધનાર્થી દ્વારા તેમની તા.૨૧– ૨–૨૦૧૭ની અરજીથી સિનોપ્સીસ સાથે પરીક્ષા ફોર્મ જમા કરાવ્યા બાદ તેઓનો સંશોધન અભ્યાસનો વિષય ઉપર મુજબ બદલવાની વિનંતી કરેલ હોય જે સંદર્ભમાં નીચે મુજબ બે અભિપ્રાય મળેલ છે.

**અભિપ્રાય (૧)** બાયોસાયન્સ વિભાગના વડાશ્રી દ્વારા અગાઉ બી. યુ. ટી. માં ૨૦૧૩માં રજુ થયેલ તે પ્રમાણે કરવા વિનંતી.

**અભિપ્રાય (૨)** બાયોસાયન્સ વિભાગના વડાશ્રી અને વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રી દ્વારા કમ્પ્યુટર સાયન્સમાંથી બાયોસાયન્સમાં તબદીલ કરવા ભલામણ છે. તેમનો રીસર્ચ ટોપીક બાયોસાયન્સનો છે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. સંશોધનન અભ્યાસમાં કોમપ્યુટર સાયન્સ એન્ડ ઈનફરમેશન ટેકનોલોજી વિદ્યાશાખાના બાયોઈનફરમેટીકસ વિષયમાં પીએચ. ડી. સંશોધન અભ્યાસમાં નોંધણી કરાવેલ સંશોધનાર્થી (૧) હજુરી મુર્તઝ અબ્બાસભઈ અને (૨) રચ મૌલિક હર્ષદભાઈ દ્વારા તેમની સિનોપ્સીસ અને થીસીસ મુલ્યાંકન માટે જમા કરાવ્યા બાદ સંશોધનાર્થી દ્વારા તેમના માર્ગદર્શકશ્રીની ભલામણ સાથે સંશોધન અભ્યાસ વિજ્ઞાન વિદ્યાશાખાના બાયોસાયન્સ વિષયમાં કરવાની વિનંતી કરેલ હોય જે વિનંતી ગ્રાહય રાખવી નહી.**

**(૧૯) સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત ખાતે ચાલતા એમ.કોમ.(ઓનર્સ) પાંચ વર્ષિય ઈન્ટીગ્રેટેડ કોર્ષમાં પ્રથમ વર્ષ B.Com. (Honors) અભ્યાસમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓ B.Com. (Honors) થયા પછી કોલેજ છોડી જતા M.Com.(Honors) ના ચોથા વર્ષ (સેમેસ્ટર–૭)માં ખાલી રહેલ બેઠકો એમ.કોમ. કેન્દ્રસ્થ પ્રવેશ સમિતિ દ્વારા અંગ્રેજી માધ્યમમાં પ્રવેશની ફાળવણી કરવાની કોલેજના આચાર્યશ્રીની દરખાસ્ત પરત્વે ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા દ્વારા નીચે મુજબના અભિપ્રાય અવલોકનમાં લઈ કોલેજના આચાર્યશ્રીની એમ.કોમ.(ઓનર્સ) પાંચ વર્ષિય ઈન્ટીગ્રેટેડ કોર્ષમાં ચોથા વર્ષ (સેમેસ્ટર–૭) માં પ્રવેશની ખાલી બેઠકો પર જે તે શૈક્ષણિક વર્ષ દરમ્યાન એમ.કોમ. કેન્દ્રસ્થ પ્રવેશની કાર્યવાહી દરમ્યાન પ્રવેશ ફાળવવાની દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.**

**<u>ડીનશ્રી, વાણિજય વિદ્યાશાખાનો અભિપ્રાય</u>**

**"એમ.કોમ.ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ યુજીસી. ના મોડેલ કરીકયુલમના આધરે તૈયાર થયેલ છે અને તેનું માળખું ફેકલ્ટી, બી.યુ.ટી., એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટ માંથી પસાર થયેલ હોય આ એક વિશિષ્ટ ઈન્ટીગ્રેટેડ પ્રકારનો પ્રોગ્રામ છે તેને બે ભાગમાં વહેંચીને ડીસ ઈન્ટીગ્રેટેડ કરવો જોઈએ નહી એવો મારો અભિપ્રાય છે."**

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતના આચાર્યશ્રીની M.Com.(Honors) ચોથા વર્ષ ( સેમેસ્ટર–૭) માં ખાલી રહેલ બેઠકો M.Com.(Regular) ના પ્રવેશ સાથે કેન્દ્રીય પ્રવેશ સમિતિ હેઠળ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ ફાળવવા કરેલ દરખાસ્ત સંદર્ભે, ડીનશ્રી વાણિજય વિદ્યાશાખા દ્વારા એમ. કોમ. ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ યુજીસી ના મોડેલ**

**કરીકયુલમના આધારે તૈયાર થઈ તેનું માળખું યુનિવર્સિટીના વિવિધ સત્તા મંડળોમાંથી પસાર કરી એક વિશિષ્ટ ઈન્ટીગ્રેટેડ પ્રકારનો પ્રોગ્રામ હોય તેને બે ભાગમાં વહેચીંને ડીસ ઈન્ટીગ્રેટેડ કરવો નહી તેવા અભિપ્રાયનો સ્વીકાર કરી, કોલેજના આચાર્યશ્રીની M.Com.(Honors) ના ચોથા વર્ષ (સેમેસ્ટર–૭) માં ખાલી રહેલ બેઠકો M.Com.(Regular) ના પ્રવેશ સાથે કેન્દ્રીય પ્રવેશ સમિતિ હેઠળ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ ફાળવવાની કરેલ દરખાસ્તનો સ્વીકાર કરવો નહી.**

**(૨૦)** વિભાગીય વડાશ્રી, એકવેટીક બાયોલોજી વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૮ના પત્રાંકઃ એકવા.બાયો./૧/પ્રવેશ/૪૮૨/ ૨૦૧૮થી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન પ્રથમ વર્ષ એમ.એસસી.–એકવેટીક બાયોલોજી સેમેસ્ટર–૨ માં હાલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ના પ્રવેશને ધ્યાનમાં લઈ રેગ્યુલરની ત્રણ (૩) બેઠકો ખાલી પડતા હાયર પેમેન્ટની બેઠક પર પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીની **સોની નિકિતા એમ.** દ્વારા હાલ યુનિવર્સિટીની રેગ્યુલર ફી ભરેલ હોય જેઓને રેગ્યુલરની ખાલી પડેલ બેઠક પર પ્રવેશ તબદીલ કરવા અંગે વિભાગના વડાશ્રી દ્વારા માર્ગદર્શન માંગેલ હોય જે અવલોકનમાં લેતા સોની નિકિતા એમ. નો પ્રવેશ હાયર ફી માંથી રેગ્યુલર બેઠક પર ટ્રાન્સફર કરવો કે કેમ તે પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદરહું બાબત Withdraw કરવી.**

**(૨૧)** પીએચ. ડી. - એમ ફીલ સંશોધન અભ્યાસના વર્ષ ૨૦૧૭ - ૧૮ પ્રવેશ માટે નીચેના ઉમેદવારો દ્વારા બાયોસાયન્સ વિષય માટે પ્રવેશ અરજી કરેલ હોઇ, જે ઉમેદવારોના નામ સામે દર્શાવેલ અનુસ્નાતક / એમ ફીલ. અભ્યાસ પાસ કરેલ હોઈ જે અવલોકનમાં લઇ જે તે ઉમેદવારની પ્રવેશ અરજી બાયોસાયન્સ વિષય માટે માન્ય કરવી કે કેમ ? તે પર વિચારણા કરવા બાબત.

| No. | Appl. No. | Name of the Applicant | Cat. | Specialization in Master Degree | Admission Category |
|---|---|---|---|---|---|
| 1 | 590061 | BHATTI APEXA SURESHKUMAR | GENERAL | Medicaltechnology | Entrance Exam Category |
| 2 | 590162 | PATEL DARSHAN DINESHBHAI | GENERAL | Medicaltechnology (Bio Chemistry) | Entrance Exam Category |
| 3 | 590276 | JOSHI KRUPALI DHRUVANK | GENERAL | Biochemistry | Entrance Exam Category |
| 4 | 590130 | PATEL VIPULKUMAR DASHRATHLAL | GENERAL | Biochemistry | Entrance Exam Category |
| 5 | 590217 | JHA TANUJA TRIBENIBHAI | GENERAL | Bioinformatic M. Phil Bio Science Plant Sc. | JRF,M.Phil.,NET, SLET,GATE Qualfied |
| 6 | 590175 | PATHAK RICHA KAMLESH | GENERAL | Bioinformatic | Entrance Exam Category |

<u>નોંધ :</u>
અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૯ – ૫ – ૨૦૧૨ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક ( ૪૪ ) અન્વયે એમ. એસસી. બાયો ઇન્ફોર્મેટિક અનુસ્નાતક વિષય સાથે પાસ થનાર ઉમેદવારને જે તે સમયે નવ નિયુક્ત કોમ્પ્યુટર સાયન્સ અને ઇન્ફોર્મેટિક ટેક્નોલોજી. વિધાશાખા નોંધણી કરવા ઠરાવેલ છે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, નીચે મુજબના ઉમેદવારોની પીએચ.ડી / એમ.ફીલ સંશોધન અભ્યાસના વર્ષ : ૨૦૧૭–૧૮ના પ્રવેશની બાયોસાયન્સ વિષયનાં પ્રવેશઅરજી, અરજીકર્તાનો અનુસ્નાતક / સંશોધન અભ્યાસ ધ્યાને લઈ બાયોસાયન્સ વિષય માટે માન્ય કરવી.**

| No. | Appl. No. | Name of the Applicant | Cat. | Specialization in Master Degree | Admission Category |
|---|---|---|---|---|---|
| 1 | 590061 | BHATTI APEXA SURESHKUMAR | GENERAL | Medicaltechnology | Entrance Exam Category |
| 2 | 590162 | PATEL DARSHAN DINESHBHAI | GENERAL | Medicaltechnology (Bio Chemistry) | Entrance Exam Category |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3 | 590276 | JOSHI KRUPALI DHRUVANK | GENERAL | Biochemistry | Entrance Exam Category |
| 4 | 590130 | PATEL VIPULKUMAR DASHRATHLAL | GENERAL | Biochemistry | Entrance Exam Category |
| 5 | 590217 | JHA TANUJA TRIBENIBHAI | GENERAL | Bioinformatic M. Phil Bio Science Plant Sc. | JRF,M.Phil.,NET, SLET,GATE Qualfied |
| 6 | 590175 | PATHAK RICHA KAMLESH | GENERAL | Bioinformatic | Entrance Exam Category |

**(૨૨)** શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ દરમિયાન સાઉથ ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીસ, ચોવીસી, નવસારી ની Post Graduate Diploma In Medical Laboratory Technology (PGDMLT) અનુસ્નાતક સ્વનિર્ભર ડિપ્લોમા અભ્યાસક્રમના ચાલુ જોડાણ અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિ (**L**ocal **I**nquiry **C**ommittee) દ્વારા તા.૨૮–૦૨–૨૦૧૮ના રોજની કોલેજની મુલાકાત બાદ સમિતિ દ્વારા નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯નું ચાલુ જોડાણ મંજૂર કરવા ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

**ભલામણ અને શરતો : –**

(૧) યુનિવર્સિટી ના ઓર્ડીનન્સ ૯૨ હેઠળ ૬૦% કાર્યભાર મુજબ સંસ્થા માં જરૂરી બે આસીસ્ટન્ટ પ્રોફેસર (મેડીકલ ટેકનોલોજી) ના પ્રવર્તમાન નિયમ અનુસાર પ્રવેશ પ્રક્રિયા પહેલા નિમણૂંક કરવી.

(૨) લેબોરેટરીમાં ઉત્પન્ન થતી બાયો મેડીકલ વેસ્ટ ના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરવી આ બાબત પર સક્ષમ માન્ય એજન્સી સાથે જોડાણ ત્વરિત કરવું

(૩) આ વર્ષે : ૨૦૧૭–૧૮ માં રૂા.૨૦,૦૦૦/ – ના નવા પુસ્તકો ખરીદવા.

(૪) લેબોરેટરી પ્રીપરેશન / ઓટોકલેવ માટે અલગ વ્યવસ્થા કરવી.

(૫) પ્રયોગશાળા માં ફાયર સેફટી ના સાધનો મુકવાની ત્વરિત જરૂરી વ્યવસ્થા કરવી.

(૬) યુનિવર્સિટીના ઓર્ડીનન્સ ૬૯–A અને ૬૯–B નું ચુસ્તપણે પાલન કરવું.

નોંધ : કુ. મયુરી આર. પટેલને લેકચરર અને લેબ આસીસ્ટન્ટ ને બે પોષ્ટ ઉપર બતાવેલ છે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ દરમિયાન સાઉથ ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સીસ, ચોવીસી, નવસારી ની Post Graduate Diploma In Medical Laboratory Technology (PGDMLT) અનુસ્નાતક સ્વનિર્ભર ડિપ્લોમા અભ્યાસક્રમના ચાલુ જોડાણ અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિ (Local Inquiry Committee) દ્વારા તા.૨૮–૦૨–૨૦૧૮ના રોજની કોલેજની મુલાકાત બાદ સમિતિ દ્વારા નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯નું ચાલુ જોડાણ મંજૂર કરવા ભલામણ કરેલ છે. જે ભલામણ સંદર્ભે શરતોના પરીપાલન અંગે નીચે મુજબના સભ્યની ચકાસણી સમિતિ પર નિમણૂંક કરવી.**

**(૧) ડૉ.ભાવીન આર. નાયક**

**(૨) ડૉ. એસ. કે. ટાંક**

**(૩) ડૉ. એન. બી. પટેલ**

**(૨૩)** સિધ્ધાર્થ લો કોલેજ, નવાગામ, કામરેજ ચાર રસ્તા, સુરતના આચાર્યશ્રી નો તા.૦૫–૦૩–૨૦૧૮ નો પત્ર થી કોલેજમાં ચાલતા LL.M (Business Law) અભ્યાસક્રમના યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રમાં અનુસ્નાતક કાર્યભાર કરતાં કોલેજનાં આચાર્યશ્રી ડૉ.વિક્રમભાઈ દેસાઈ જુન–૨૦૧૯માં નિવૃત થનાર હોય, તથા સદર કોલેજમાં વર્કલોડ અર્ધાથી વધારે રહેતો ન હોવાથી, અને કાયદા વિદ્યાશાખામાં ઘણા સિનિયર અધ્યાપકો નિવૃત થતાં, વિઝિટીંગ ટીચરોની પણ અછત હોય, તે ધ્યાને લેતા શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯ થી LL.M (Business Law) અભ્યાસક્રમનું પાર્ટ–૧માં પ્રવેશ સ્થગિત કરવા વિનંતી કરેલ છે. જે વિનંતી પર વિચારણા કરવા બાબત. (અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિધ્ધાર્થ લો કોલેજ, સુરત માં ચાલતા LL.M (Business Law) વિષયના યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રનાં આચાર્યશ્રી નિવૃત થતા હોય તેમજ યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અનુસ્નાતક શિક્ષકોની મર્યાદીત સંખ્યા ધ્યાનમાં લેતા ભાગ–૧ના પ્રવેશ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯થી સ્થગિત કરવા કરેલ વિનંતી સ્વીકાર કરી સિધ્ધાર્થ લો કોલેજ, સુરત માં ચાલતા LL.M (Business Law) વિષયના શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯ થી ભાગ–૧ના પ્રવેશો સ્થગિત કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૨૪) માન.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવાની બાબત :**

પીએચ.ડી.સંશોધન અભ્યાસની માન્યતા આપવા નિયુકત તજજ્ઞોના હકારાત્મક અહેવાલ સ્વીકારવાની સત્તા અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૯–૫–૨૦૧૨ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૧)થી માન.કુલપતિશ્રીને આપેલ હોય, જે અન્વયે નીચેના યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અધ્યાપકના પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા તેમના નામ સામે દર્શાવેલ વિષય / વિદ્યાશાખા માટે નિયુકત તજજ્ઞોના હકારાત્મક અહેવાલ માન.કુલપતિશ્રી દ્વારા અનુસ્નાતક શિક્ષણ મંડળ વતી મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય,જેની નોંધ લેવા સારું.

| Sr. No | Name of the Teacher & College / Department | Subject | Faculty | Name of 1st Experts | Name of 2nd Experts |
|---|---|---|---|---|---|
| 1 | Dr. Jigna P. Naik (Arts, Science & Commerce College, Kholvad) | Microbiology | Science | Dr. Bhavesh Joshi (Agriculture University, Anand.) | Dr. Trupti Patel (V.I.T.University,Tamilnadu) |
| 2 | Dr. Gautam Radha S. (S.B.Garda College of Arts & P.K.Patel College of Commerce,Navsari) | English | Arts | Dr. Darshna Trivedi (Gujarat University, Ahmedabad) | Dr. Madhurita Chaudhari (M.S.University,Baroda) |
| 3 | Dr. Rana Anita (Narmada College of Science & Commerce, Bharuch) | Commerce | Commerce | Dr.B.A.Prajapati (North Gujarat University,Patan.) | Dr.Parimal Vyas (M.S.University,Baroda) |
| 4 | Dr. Shah Brijesh Trambaklal (B.K.M.Science College,Valsad) | Bioscience (Botany) | Science | Dr. Vrinda Thaker (Saurashtra University, Rajkot) | Dr. T.Shrinivasu (R.T.M.Nagpur University) |
| 5 | Dr. Patel Chetankumar Chhotubhai (Ambaba Commerce College & Deviba Institute of Computer Application) | Commerce | Commerce | Dr. B.A.Prajapati (North Gujarat University,Patan.) | Dr.Parimal Vyas (M.S.University,Baroda) |
| 6 | Dr. Patel Bhavesh Manubhai (P.T.Sarvjanik College of Science,Surat) | Chemistry | Science | Dr. D.K.Raval (Sardar Patel University, V.V.Nagar) | Dr. Rahul Joshi (University of Rajasthan, Jaipur) |
| 7 | Dr. Thakkar Falguni Mitesh (SDJ International College,Vesu,Surat) | Commerce /Accountancy | Commerce | Dr.Sandip Bhatt (sardar Patel University, V.V. Nagar) | Dr. Pragnesh Shah (M.S.University,Baroda) |
| 8 | Dr. Patel Ankitkumar Dineshbhai (Ambaba Commerce College & Deviba Institute of Computer Application) | Commerce | Commerce | Dr.Parimal Vyas (M.S.University,Baroda) | Dr. B.A.Prajapati (North Gujarat University,Patan.) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 9 | Dr. Trivedi Panna Bipinchandra (Department of Gujarati,VNSGU,Surat) | Gujarati | Arts | Dr. Ambadan Rohadia (Saurashtra University, Rajkot) | Dr. Dipakbhai Patel (Saurashtra University, Rajkot) |
| 10 | Dr. Desai Chirangi Harishkumar (Naran Lala College of Professional & Applied Science,Navsari) | Commerce | Commerce | Dr.Sandip Bhatt (sardar Patel University, V.V. Nagar) | Dr. Parimal H.Vyas (M.S.University, Baroda) |
| 11 | Dr. Mori Mihirkumar Bhagvatbhai (Department of English,VNSGU,Surat) | English | Arts | Dr. Kamal Mehta (Saurashtra University, Rajkot) | Dr. Anand Mahanand (EFL University, Hyderabad) |
| 12 | Dr. Sushma Ijardar (Department of Chemistry, VNSGU, Surat) | Chemistry | Science | Dr. Nand Kishor (Indian Institute of Technology Bombay) | Dr. N.C.Desai (Maharaja Krishkumarsinhji Bhavnagar University) |
| 13 | Dr. Rana Rajeshkumar Dhansukhbhai (J.Z. Shah Arts & H.P. Desai Commerce College, Amroli) | Commerce | Commerce | Dr. B.A.Prajapati (North Gujarat University,Patan.) | Dr. Parimal H.Vyas (M.S.University, Baroda) |
| 14 | Dr. Dasgupta Sumita (Bhagvan Mahavir College of Science & Technology, Surat) | Bioscience (Plant Science) | Science | Dr. B.K.Jain (M.G.Science Institute, Ahmedabad) | Dr. P.V.Ramaiah (A.C.S. College, Nanurbar, Maharashtra) |
| 15 | Dr. Sanjay Sinde (Arts & Commerce College,Sarbhan) | Commerce | Commerce | Dr. Amitbhai pandya (M.S.University, baroda) | Dr. B.A.Prajapati (North Gujarat University, Patan) |
| 16 | Dr. Bharat Thakar (Department of Gujarati,VNSGU,Surat) | Gujarati | Arts | Dr. Dipak Raval (M.S.University, Baroda) | Dr. Mahendra Nai (Arts & Science College, Dakor) |
| 17 | Dr.Vijalivala Sharifa Kasambhai (Department of Gujarati,VNSGU,Surat) | Comparative Literature | Arts | Dr. Dipak Raval (M.S.University, Baroda) | Dr. Param Pathak (Sardar Patel University, V.V.Nagar) |
| 18 | Dr. Desai Sagar Arunkumar (Bhagvan Mahavir College of Science & Technology,Surat) | Chemistry | Science | Dr. D.K.Raval (Sardar Patel University, V.V.Nagar) | Dr. Rakshit Ameta (PAHER University, Rajasthan) |
| 19 | Dr. Mahendra H. Trivedi (J.B.Dharukawala Mahila Arts College) | Sanskrit | Arts | Dr.Mansukhbhai Molia (Saurashtra University,Rajkot) | Dr. Niranjan Patel (Sardar Patel University, V.V.Nagar) |
| 20 | Dr. Geetaben Ambelal patel (College of Education ,Nani Daman) | Education | Education | Dr. R.S.Patel (Gujarat University, Ahmedabad) | Dr. Milan T. Mistry (Gujarat University, Ahmedabad) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 21 | Dr. Bhavesh Rajanikant Parmar (D.R.Patel & R.B.Patel Commerce College, Bharthana, Vesu) | Economics | Arts | Dr. Leelaben M.Swami (Mahila Arts&Commerce College, Mahesana) | Dr. Saurabh Mani (Dayal Baug Education Institute, Agra) |
| 22 | Dr. Raval Aarti Amit (Arts, Science & Commerce College, Kholwad) | Microbiology | Science | Dr. Pravin R. Pauranik (North Maharashtra University, Jalgown) | Dr. Rakesh Patel (R.G.Shah Science College,Ahmedabad ) |
| 23 | Dr. Shukla Naresh Ravishankar (Department of Gujarati,VNSGU, Surat) | Comparative Literature | Arts | Dr. Sanjay Mukharji (Saurahtra University, Rajkot) | Dr. Kirtida Shah (Gujarat University, Ahmedabad) |

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીના ઉપરોકત પગલાની નોંધ લેવામાં આવે છે.**

*<u>નોંધ</u>: સભ્યશ્રીઓને વિનંતી કે, અનુસ્નાતક શિક્ષણ મંડળ ( Board of University Teaching ) ની તા.૧૩–૦૩–૨૦૧૮ ની કાર્યવાહીના ઠરાવમાં સભામાં થયેલ નિર્ણય બાબતે જરૂરી યોગ્ય સુધારા જણાય તો જ તા.૩૦–૦૪–૨૦૧૮ સુધીમાં નીચે સહી કરનારને જાણ કરવા વિનંતી. વધુમાં, નિયત સમય બાદ મળેલ સુધારા આમેજ કરવામાં આવશે નહી.*

**ક્રમાંક : પીજી/ બીયુટી/ કાર્યવાહી/૬૩૪૮/ ૨૦૧૮.**
**તા.૧૬–૦૪–૨૦૧૮.**

Sd/-
**ઈ.ચા. કુલસચિવ**

**પ્રતિ,**
**અનુસ્નાતક શિક્ષણ મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ.....**